# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૦૦ પ્રમાણિત સંસ્થા),**

" સમૃધ્ધિ ", એનેક્ષી, ૪થો માળ, મકકાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૩૯૧૭૭૭૭ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.com Website : www.sgcci.com


રેફ નં. તાઃ ૦૪/૦૧/૨૦૧૦

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.
લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી )

---

## સુરતની પ્રગતિ પ્રેરણા દાયક છે : સાંસદ અર્જુન રામ મેઘવાલ

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા આયોજીત એક વાર્તાલાપ દરમિયાન રાજસ્થાનના સાંસદશ્રી અર્જુન રામ મેઘવાલે જણાવ્યુ હતુ કે સુરતની પ્રગતિ એક વિશેષ આકર્ષણ ઉભુ કરે છે અને સુરતની પ્રજા સતત પ્રગતી અને વ્યાપાર ઉદ્યોગને ખુબ જ મોખરાનું સ્થાન અપાવવા માટે સતત પ્રયત્નશીલ રહે છે અને આજે તેણે પોતાના પુરૂષાર્થથી રાજ્ય તથા રાષ્ટ્ર તેમજ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પોતાની વિશેષ ઓળખ ઉભી કરી છે, ગુજરાતના સાંસદો ખુબજ ખંત પુર્વક લોકસભામાં પ્રશ્નોની રજુઆત કરે છે અને તેનો સારો પ્રતિભાવ પણ મળે છે. એક સાંસદના રૂએ આવિસ્તારના જે કંઈ પ્રશ્નો હશે જેમાં તેઓ પોતાનું  યોગદાન આપી શકશે તે અવશ્ય આપશે તેવી ખાતરી આપી હતી, વિશેષતઃ વિદેશના મુદ્દાઓ તેમજ સંરક્ષણ અંગેના મુદ્દાઓમાં તેઓ બંને ખાતાઓની રાષ્ટ્ર સમિતિમાં હોઈ વિશેષ મદદ આપી શકશે.

૨...

આ અગાઉ ચેમ્બરના પ્રમુખ શ્રી નિલેશ વી. માંડલેવાળાએ સાંસદશ્રી અર્જુન રામ મેઘવાલનું સ્વાગત કરતા જણાવ્યુ હતું કે, રાજસ્થાન અને ગુજરાતના ખુબ જ ઘનિષ્ઠ સંબંધો રહયા છે અને વેપાર ઉદ્યોગમાં સાથ સહકાર પણ પ્રબળ રહયો છે, તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે સુરતના વિકાસ માટે ચેમ્બર વિશેષ પ્રદર્શનોનું આયોજન કરે છે અને તેમાં રાજસ્થાન અતિથિ રાજયના રૂએ ભાગ લે તો તે બંને રાજયોની પ્રગતિ માટે એક સકારાત્મક પગલુ ગણાશે.

ચેમ્બરના સભ્યો દ્વારા સંરક્ષણ તથા વિદેશ પ્રવાસ અંગે પુછાયેલા વિશેષ પ્રશ્નોનો જવાબ આપતા સાંસદ શ્રી અર્જુન રામ મેઘવાલે જણાવ્યુ હતુ કે, વિદેશમાં ભારતિયોની અવગણના તેમજ વિઝા અંગેની મુશ્કેલીઓ અને ઓસ્ટ્રેલીયામાં પ્રવર્તતા મુદ્દાઓ પાર્ટીલાઈન્સ થી અલગ એક રાષ્ટ્રીય મુદ્દો છે અને તે ખુબ જ ગંભીરતાથી લેવાઈ રહયો છે અને ટુંક સમયમાં તેના યોગ્ય પરિણામો આવશે.

સંરક્ષણ અંગેના મુદ્દાઓમાં તેમણે જણાવ્યુ હતુ કે, યુવા ધનને રાષ્ટ્રની સેવામાં પોતાનું યોગદાન આપવા માટે સંરક્ષણ ખાતામાં જોડાવા માટે વિશેષ પ્રોત્સાહનો આપવાનું વિચરાઈ રહયુ છે અને હાલના પગાર ધોરણોમાં સુધારો થાય તેવા ચક્રો ગતિમાન છે.

કાર્યક્રમના અંતે સેક્રેટરી જનરલ શ્રી જે. પી. સાઈગલે આભારવિધી આટોપી હતી.